રાજ્યમાં આવેલ તમામ બોર્ડની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૬ થી ૮ ના વર્ગો ચાલુ કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક(પાર્ટ-૧)
સચિવાલય, ગાંધીનગર.
તારીખ ૧૩/૦૨/૨૦૨૧

વંચાણે લીધા:

(૧) ભારત સરકારના ગૃહ મંત્રાલયના ઓર્ડર નં. 40-3/2020-ડી.એમ.-1 (એ) તા. 30 સપ્ટેમ્બર, 2020 થી બહાર પાડેલ માર્ગદર્શિકા.

(૨) શિક્ષણ વિભાગનો તા. ૦૮/૦૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક : મશબ/૧૨૨૦/૮૭૪/છ

**આમુખ:**

વંચાણે લીધેલ ક્રમ (૧)ની માર્ગદર્શિકા મુજબ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ હેઠળ દેશમાં કોવિડ-19ના નિયંત્રણ માટે લોકડાઉનના પગલાને અનુસરીને જે પ્રવૃત્તિ બંધ હતી તે ફરીથી શરૂ કરવા માટેની ભારત સરકાર દ્વારા માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે. જે મુજબ કન્ટેનમેન્ટ ઝોનની બહાર મંજૂરી આપવામાં આવતી પ્રવૃત્તિઓમાં ૧૫મી ઓક્ટોબર, ૨૦૨૦ પછી શૈક્ષણિક સંસ્થાઓ ફરીથી ક્રમશઃ ખોલવામાં આવે એવું સૂચન કરવામાં આવેલ. જેના માટે રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશ સરકાર સંબંધિત શાળા/સંસ્થા સંચાલકો સાથે પરામર્શ કરી, કોરોના સંક્રમણની પરિસ્થિતિના મૂલ્યાંકન આધારિત વિચાર વિમર્શ કરવામાં આવેલ. ત્યારબાદ, વંચાણે લીધેલ ક્રમાંક (૨) હેઠળના તા.૦૮/૦૧/૨૦૨૧ના ઠરાવથી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વર્ગોમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય પુનઃ શરૂ કરવામાં આવેલ. ત્યારબાદ તબક્કાવાર ધોરણ ૯ અને ૧૧ ના વર્ગો પણ શરૂ કરવામાં આવેલ છે. કોરોનાની હયાત સુધરતી સ્થિતિને ધ્યાને લઇને, રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે પુરતી તકેદારી સાથે તબક્કાવાર પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય પુનઃ શરૂ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યમાં આવેલ તમામ બોર્ડની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૬ થી ૮ ના વર્ગો માટે તા.૧૮/૦૨/૨૦૨૧ થી પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય પુનઃ શરૂ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

રાજ્યમાં આવેલ તમામ બોર્ડની સરકારી/ખાનગી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓના શૈક્ષણિક-બિન શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ નીચે મુજબની સૂચનાઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૧). તા.૧૮/૦૨/૨૦૨૧થી રાજ્યની તમામ બોર્ડની સરકારી/ખાનગી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ઓફલાઇન (ભૌતિક/પ્રત્યક્ષ રીતે) શૈક્ષણિક કાર્ય ફરીથી શરૂ કરવામાં આવશે. ઓફલાઇન (ભૌતિક/પ્રત્યક્ષ રીતે) શૈક્ષણિક કાર્યમાં હાજરી આપવી વિદ્યાર્થી માટે સ્વૈચ્છિક રહેશે તથા તે માટે સંબંધિત સંસ્થાએ વિદ્યાર્થીના વાલીઓ પાસેથી આ સાથે સામેલ નમૂનામાં લેખિત સંમતિપત્ર મેળવવાનું રહેશે. જે વિદ્યાર્થીઓ વર્ગમાં ભૌતિક હાજરીથી પ્રત્યક્ષ રીતે ન જોડાય તેઓ માટે શાળાઓ દ્વારા ONLINE અભ્યાસની વ્યવસ્થા કરવાની રહેશે તેમજ રાજ્ય સરકાર દ્વારા વંદે ગુજરાત ચેનલ અને દૂરદર્શન ડી.ડી. ગિરનાર પરથી પ્રસારિત થતા શૈક્ષણિક કાર્યક્રમો જોવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના રહેશે.

(૨). પ્રાથમિક શિક્ષણ હેઠળ આ તબક્કે માત્ર ધોરણ-૬ થી ૮ ના જ વિદ્યાર્થીઓને શાળાએ બોલાવવાના રહેશે.

(૩). વિદ્યાર્થીઓની સંખ્યા તથા વિષયની જરૂરિયાત તેમજ જટિલતા ધ્યાને લઈને શાળાઓએ વર્ગ સંખ્યા ગોઠવવાની રહેશે. જેથી ભારત સરકારની એસ.ઓ.પી/ માર્ગદર્શિકા પ્રમાણે બે વિદ્યાર્થીઓ વચ્ચે સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે મુજબ બેઠક વ્યવસ્થા ગોઠવવાની રહેશે. વધુમાં, કયા વિષય/અભ્યાસક્રમ માટે કયા પ્રકારની વ્યવસ્થા ગોઠવવાની રહેશે તે અંગેનો નિર્ણય લેવા માટે શાળાના મુખ્ય શિક્ષકશ્રી/તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી સક્ષમ રહેશે.

(૪). વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ અન્ય તમામ કર્મચારીઓ માટે યોગ્ય રીતે ફેસ માસ્ક પહેરવું ફરજિયાત રહેશે. આ બાબતમાં સતત મોનીટરીંગ કરીને કોઇ પણ સંક્રમિત અથવા લક્ષણ ધરાવતા વિદ્યાર્થી/શિક્ષક અથવા ત્રાહિત વ્યકિત શાળા સંકુલમાં પ્રવેશે નહિ તે અંગે સંબંધિત તમામ સ્થાનિક સત્તાધિકારીઓએ પૂરતી તકેદારી લેવાની રહેશે.

(૫). કન્ટેન્ટમેન્ટ ઝોનમાં રહેતા હોય તેવા અથવા જેના પરિવારમાં કોરોના સંક્રમિત કોઈ વ્યકિત હોય તેવા વિદ્યાર્થી કે સ્ટાફના અથવા ત્રાહિત કોઈપણ વ્યકિત શાળામાં હાજર રહી શકશે નહીં. કન્ટેન્ટમેન્ટ ઝોનના વિસ્તારમાં શાળા હોય તો તે શાળા ખોલી શકાશે નહી.

(૬). ભારત સરકારના દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ SOP માં દર્શાવ્યા મુજબ તમામ સંબધિતો જેવા કે મુખ્ય શિક્ષક, શિક્ષકો, વાલીઓ, વિદ્યાર્થીઓ, SMC સભ્ય વગેરેના કેપેસીટી બિલ્ડીંગ અંગેની કાર્યવાહી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) એ કરવાની રહેશે.

(૭). આ તમામ કાર્યવાહી ભારત સરકાર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ એસ.ઓ.પી/માર્ગદર્શિકાને અનુસરીને કરવાની રહેશે.

ઉપર્યુક્ત તમામ માર્ગદર્શિકાનું પાલન સંબંધિત જિલ્લાના વહીવટી તંત્ર, જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીશ્રી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને શાળાના મુખ્યશિક્ષકશ્રી/સંચાલકશ્રી દ્વારા સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને લઈને વિદ્યાર્થીઓના હિતમાં કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(સુબોધ જોષી)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

બિડાણ: વાલી/માતા-પિતાના સંમતિપત્રનો નમુનો

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, બ્લોક નં. ૪, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રા.શિ.અને મા.શિ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક-૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., સેક્ટર-૧૨, ગાંધીનગર
- સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ/મ્યુનિસીપલ કમિશનરશ્રીઓ/ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ/શાસનાધિકારીશ્રીઓ *(નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફતે)*
- વિભાગની સર્વે શાખાઓ.
- આઇ.ટી શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ( આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂં)
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.

વાલી/માતા-પિતાનું નામ

______________________

સરનામું______________

______________________

મો. નં.______________

તા.______________

પ્રતિ,

આચાર્યશ્રી,

શાળાનું નામ :______________________

સરનામું:______________________

જિલ્લો:

વિષય: મારા પાલ્ય/પુત્ર/પુત્રીને શાળામાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય માટે મોકલવા અંગે સંમતિ આપવા બાબત.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે કોવિડ-૧૯ની હાલની પરિસ્થિતિમાં સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ S.O.P.(સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર)નું પાલન કરવાની શરતે શાળાઓમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય શરુ કરવાનો નિર્ણય સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ છે. મારો પાલ્ય/પુત્ર/પુત્રી (નામ)______________________ આપની શાળામાં ધોરણ-____માં અભ્યાસ કરે છે. મેં S.O.P.માં દર્શાવેલ માતાપિતા/વાલીની ભૂમિકાની વિગતો વાંચેલ છે. મારા પાલ્ય/પુત્ર/પુત્રીને શાળામાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય માટે મોકલવાની હું સંમતિ આપું છું. મારા પાલ્ય/પુત્ર/પુત્રી દ્વારા સરકારશ્રીની S.O.P. તેમજ કોવિડ-૧૯ અંગેની ગાઈડલાઈન્સનું પાલન કરવામાં આવશે તેની હું બાંહેધરી આપું છું. મારા પાલ્ય/પુત્ર/પુત્રી શાળામાં માસ્ક પહેરીને આવે તેમજ પાણીની બોટલ, નાસ્તો વગેરે ઘરેથી લઈને આવે અને અન્ય સાથે તેની આપ-લે ન કરે તે અંગે તેમને અમોએ સમજ આપેલ છે. મારા પરિવારમાં કોઈ વ્યક્તિ કોરોના સંક્રમિત હશે તો તેમજ મારું નિવાસ સ્થાન કન્ટેન્મેન્ટ ઝોનમાં આવતું હશે તો હું મારા પાલ્ય/પુત્ર/પુત્રીને શાળામાં નહિ મોકલું તેની ખાત્રી આપું છું.

આપનો વિશ્વાસુ

(સહી)

(નામ)

તા. ૧૫/૨/૨૧

આચાર્યશ્રી
નોન ગ્રાન્ટેડ શાળા
શહેર [illegible]
સુરત

ક્ર. નં. ૨૦૨૧/[illegible]/1829
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
જિલ્લા સેવા સદન-૨, બી બ્લોક,
ત્રીજો માળ, અઠવાલાઇન્સ, સુરત.
તા: 15/ ૨/ ૨૦21

— જાણ તથા અમલ સારુ

(signature)
જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત.